ગ્રામ રક્ષક દળની જીલ્લા/તાલુકા કક્ષાની
માનદ જગાઓ પરની નિમણૂંક અંગે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ગરદ-૧૦૦૩-૧૪૪૫-ફ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૭/૧૦/૨૦૨૧

વંચાણે લીધાઃ-

૧. ગૃહ વિભાગનો ઠરાવ ક્ર: ગરદ-૨૩૬૮-૫૩૫૬-ફ, તા.૨૧.૭.૧૯૭૯

૨. ગૃહ વિભાગનો ઠરાવ ક્ર: ગરદ-૨૩૬૮-૫૩૫૬-ફ, તા.૦૨.૧૨.૧૯૮૧

૩. ગૃહ વિભાગનો સમાનાંકી ઠરાવ, તા.૦૬.૩.૨૦૦૪.

ઠરાવ:-

ગ્રામ રક્ષક દળના જીલ્લા તથા તાલુકાના માનદ અધિકારીઓ અને માનદ મહિલા સંગઠક સભ્યો કુદરતી અને માનવ સર્જિત આપત્તિ સમયે વહિવટીતંત્ર સાથે કામગીરી કરે તે ગ્રામ રક્ષક દળની રચનાના હેતુઓ પૈકીનો એક હેતુ છે. આ માનદ જગાઓ પર નિમણૂંક આપવા અંગેની પસંદગી સમિતિ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક – ૩ પરના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. વર્તમાન કોવિડ-૧૯ની મહામારીના સમયમાં તેમજ તાઉતે વાવાઝોડા જેવી કુદરતી આફતના સમયે વહીવટીતંત્ર સાથે કામગીરી કરી લોકોમાં જાગૃતિ લાવવા જીલ્લા અને તાલુકામાં માનદ સેવા આપવા તૈયાર હોય તેવા લોકોએ પહેલ કરી ખૂબ સારી કામગીરી કરેલ છે. આ ઉપરાંત, આવા સંજોગોમાં ઘણાં લોકો માનદ સેવા આપવા ઉત્સુક હોવાનું લોકપ્રતિનિધિઓ મારફત સરકારશ્રીના ધ્યાને આવેલ હોવાથી ગ્રામ રક્ષક દળની માનદ જગાઓ પર નિમણૂંક આપવા અંગે બનાવવામાં આવેલ હાલની પસંદગી સમિતિને સ્થાને જિલ્લા અને તાલુકા કક્ષાના માનદ અધિકારીઓ/સંગઠકોની નિમણૂંક માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

| | | |
|---|---|---|
| ૧. સંબંધિત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | - | અધ્યક્ષ |
| ૨. સંબંધિત જિલ્લાના જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ | - | સભ્ય |
| ૩. સંબંધિત જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક (હેડ ક્વાર્ટર) | - | સભ્ય |
| ૪. સંબંધિત જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુચવે તે અધિકારી | - | સભ્ય સચિવ |

ગ્રામ રક્ષક દળના જીલ્લા તથા તાલુકાના માનદ અધિકારીઓ અને માનદ મહિલા સંગઠક સભ્યોની નિમણૂંક આ વિભાગનાં તા.૨૧.૭.૧૯૭૯ અને તા.૨.૧૨.૧૯૮૧ના ઠરાવ અન્વયે નિયત થયેલ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇને કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હંસા ધારૈયા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

નકલ રવાનાઃ –

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, ગૃહ, ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ અને નિયામકશ્રી, ગ્રામ રક્ષક દળ, લાલ દરવાજા, અમદાવાદ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
- સર્વે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી.
- સીલેકટ ફાઇલ.